

ઉત્તર-પશ્ચિમ ઓન્ટેરિયોના જંગલમાં આગ લાગતા ધુમાડાને લીધે ટૉરેન્ટોનું આકાશ ઘેરા નારંગી રંગનું થઇ ગયું હતું. ધુમાડાને કારણે આરોગ્ય સંબંધિત ચેતવણીઓ આપવામાં આવી હતી. ટૉરન્ટોની હવાની ગુણવત્તા બુધવારે વૈશ્વિક સ્તરે મોટા શહેરોમાં સૌથી ખરાબ ક્રમ પર રહી હતી.

# ઈરાન શાંતિ કરાર વચ્ચે વિઘ્ન નાખવા ઈઝરાયેલે મને નિશાન બનાવ્યો: વેન્સ

**બદનામ** ફાયનાન્સર જેફ્રી એપસ્ટીનના સંબંધો ઇઝરાયેલની જાસૂસી સંસ્થા મોસાદ સાથે હોવાનો પણ અમેરિકી ઉપપ્રમુખનો ધડાકો

ન્યૂયોર્ક, તા. ૧૬: અમેરિકી ઉપપ્રમુખ જેડી વેન્સે દાવો કર્યો છે કે ઈરાન સાથે શાંતિ સ્થાપવાના તેમના પ્રયાસોને કારણે તેઓ ઈઝરાયેલ-પ્રેરિત પ્રચાર અભિયાનના નિશાના પર છે, અને જેફરી એપસ્ટીનના સંબંધો ઈઝરાયેલી જાસૂસી સંસ્થા મોસાદના 'ઉચ્ચ સ્તરો' પર હતા.

ઉપપ્રમુખે પોડકાસ્ટર જો રોગન સાથેની લગભગ ત્રણ કલાકની બેઠક દરમિયાન આ ચોંકાવનારા આક્ષેપો કર્યા હતા. વેન્સે 'ટાઈમ' મેગેઝિનના એક અહેવાલ તરફ ઈશારો કર્યો હતો, જેમના જણાવ્યા અનુસાર તે સાબિત કરે છે કે અમેરિકન પ્રભાવકોને ઈરાન કરાર પર હુમલો કરવા માટે પૈસા ચૂકવવામાં આવી રહ્યા હતા. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે આ નાણાં ટ્રમ્પના ભૂતપૂર્વ પ્રચાર કાર્યકર્તા દ્વારા વહેંચવામાં આવ્યા છે અને તેને ઈઝરાયેલ સરકારના તત્વો દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.

પૈસા લઈને પોતાની છબી ખરાબ કરનારાઓ વિશે વેન્સે કહ્યું, 'મારો તેમને જવાબ છે કે, ભાડમાં જાઓ.' ઉપપ્રમુખે, જેમણે ફરિયાદ કરી હતી કે તેમને યહૂદી વિરોધી તરીકે ચિતરવામાં આવ્યા છે, જણાવ્યું હતું કે ઈઝરાયેલ અમેરિકામાં લોકમતની લડાઈ હારી રહ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે ઈઝરાયેલ સરકારના 'કેટલાક લોકો' યુદ્ધને 'અનિશ્ચિત કાળ' માટે ચાલુ રાખવા માટે અમેરિકન લોકમત સાથે ચેડાં કરી રહ્યા છે. ત્યારબાદ વેન્સે એપસ્ટીન કૌભાંડ અંગેના વહીવટીતંત્રના વલણ તરફ ધ્યાન દોર્યું હતું અને ખુલાસો કર્યો હતો કે બદનામ ફાઈનાન્સરના સંબંધો 'અમેરિકન ઈન્ટેલિજન્સ' અને 'ઈઝરાયેલી ઈન્ટેલિજન્સ'ના ઉચ્ચ સ્તરો સાથે સ્પષ્ટપણે હતા. જ્યારે રોગને નોંધ્યું કે મોટાભાગના લોકો માને છે કે એપસ્ટીન મોસાદ માટે કામ કરતો હતો, ત્યારે ઉપપ્રમુખે તેનો ઈનકાર કર્યો ન હતો.

# પ્રિયંકા ગાંધીના ખાનગી સચિવના નામે મોટો ફ્રોડ

**કેરળમાં** મંત્રી બનાવવાની લાલચ આપી ધારાસભ્યો પાસે ૩ કરોડ માંગ્યા!

વાયનાડ (કેરળ), તા. ૧૬ (પીટીઆઈ): વાયનાડના કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના ખાનગી સચિવ (પીએસ) તરીકેની ખોટી ઓળખ આપીને એક ઠગે કેરળના સાંસદો અને એક ધારાસભ્ય પાસે પૈસા માંગીને તેમને છેતરવાનો પ્રયાસ કર્યો હોવાનું પોલીસ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

પ્રિયંકા ગાંધી વાડ્રાના ખાનગી સચિવ ડી. એસ. રાજકુમાર દ્વારા રાજ્યના પોલીસ વડા અને વાયનાડના પોલીસ અધિક્ષક (એસપી) સમક્ષ નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ફરિયાદ અનુસાર, આરોપીએ નવી દિલ્હી સ્થિત રાજકુમાર તરીકેની ખોટી ઓળખ આપી હતી અને એલાથુરના ધારાસભ્ય કે. વિદ્યા બાલકૃષ્ણન તેમ જ કોંગ્રેસના નેતાઓ અને સાંસદો શફી પરમબીલ અને ડીન કુરિયાકોસનો સંપર્ક કર્યો હતો.

રાજકુમારે આક્ષેપ કર્યો હતો કે, આરોપીએ તેમની ઓળખ અને સાંસદોની ઓફિસના નામનો દુરુપયોગ કરીને જનપ્રતિનિધિઓ પાસે નાણાંની માંગણી કરીને તેમની સાથે છેતરપિંડી કરવાનો પ્રયાસ કર્યો હતો.

વાયનાડ સાયબર પોલીસે બુધવારે ખોટી ઓળખ ધારણ કરવા અને છેતરપિંડી કરવા બદલ સંબંધિત જોગવાઈઓ હેઠળ ગુનો નોંધીને આ ઘટનાની તપાસ શરૂ કરી છે.

આ અગાઉ કોંગ્રેસના ધારાસભ્ય વિદ્યા બાલકૃષ્ણન દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે કોઝીકોડ સાયબર પોલીસે પણ ગુનો દાખલ કર્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, બાલકૃષ્ણનને ૬ જુલાઈના રોજ બપોરે ૨ વાગ્યાની આસપાસ એક વ્યક્તિનો વોટ્સએપ કોલ આવ્યો હતો, જેણે પોતાની ઓળખ નવી દિલ્હીમાં પ્રિયંકા ગાંધી વાડ્રાની ઓફિસના રાજકુમાર તરીકે આપી હતી.

કોલ કરનારે કથિત રીતે એવો દાવો કર્યો હતો કે, કેરળમાં ટૂંક સમયમાં કેબિનેટમાં ફેરબદલ થવાની સંભાવના છે અને જો તેઓ ૩ કરોડ રૂપિયા ચૂકવે તો તેમને મંત્રી બનાવવામાં આવી શકે છે.

# અમેરિકામાં નફરતનો ભોગ બન્યો ભારતીય

**મોલમાં** ધર્મ પૂછીને યુવક પર છરીના ૧૫ ઘા ઝીંક્યા

વોશિંગ્ટન, તા. ૧૬ (PTI): મીડિયા અહેવાલો અનુસાર, અમેરિકાના ઉટાહ રાજ્યમાં સોલ્ટ લેક સિટી નજીક એક શોપિંગ મોલની અંદર એક ભારતીય વ્યક્તિ પર તેના ધર્મને કારણે કથિત રીતે છરીના ઉપરાછાપરી ૧૫ ઘા ઝીંકવામાં આવ્યા હતા.

ફોક્સ ૧૩ ન્યૂઝે અહેવાલમાં જણાવ્યું હતું કે, ઉટાહના વેસ્ટ વેલી સિટીમાં વેલી સિટી મોલમાં કામ કરતા સૈયદ સોહેલુદ્દીન પર સોમવારે બપોરે પીટર માઈકલ લાર્સન નામના શખ્સે કથિત રીતે છરીથી હુમલો કર્યો હતો, જેણે પીડિતને તેનો ધર્મ પૂછ્યો હતો.

એબીસી ન્યૂઝના અહેવાલ અનુસાર, શંકાસ્પદ આરોપી લાર્સનની હત્યાના પ્રયાસ અને પ્રતિબંધિત જોખમી હથિયાર રાખવાની શંકાના આધારે ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટના દસ્તાવેજો દર્શાવે છે કે આરોપીએ પોલીસને જણાવ્યું હતું કે તેણે તે કર્મચારીની ધાર્મિક માન્યતાઓને કારણે તેને નિશાન બનાવ્યો હતો.

સોહેલુદ્દીનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેમની સર્જરી કરવામાં આવી હતી. કથિત હુમલાને રોકવા માટે વચ્ચે પડેલા લોકો દ્વારા માથામાં મુક્કો મારવામાં આવ્યા બાદ ઈજાગ્રસ્ત થયેલા લાર્સનને પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

સાન ફ્રાન્સિસ્કોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે જણાવ્યું હતું કે, તેઓ ઉટાહમાં એક ભારતીય નાગરિક સામે બનેલી છરીબાજીની આ દુઃખદ ઘટનાથી અત્યંત દુઃખી છે.

કોન્સ્યુલેટે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "કોન્સ્યુલેટ પીડિતના મિત્રો અને પરિવારના નજીકના સંપર્કમાં છે અને તમામ સંભવિત કોન્સ્યુલર સહાય પૂરી પાડવા માટે તૈયાર છે. અમે સ્થાનિક સત્તાવાળાઓ સાથે જોડાયેલા છીએ અને આ બાબત પર બારીકાઈથી નજર રાખવાનું ચાલુ રાખીશું."

# મહાદેવ બેટિંગ એપ કેસમાં ઈડીએ શેફાલી બગ્ગાની પૂછપરછ કરી

રાયપુર, તા. ૧૬ (PTI) : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ ગુરુવારે કરોડો રૂપિયાના મહાદેવ ઓનલાઈન બેટિંગ એપ કેસ સંબંધિત મની લોન્ડરિંગની ચાલી રહેલી તપાસના ભાગરૂપે ટેલિવિઝન હોસ્ટ શેફાલી બગ્ગાની પૂછપરછ કરી હતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

કેન્દ્રીય એજન્સીએ છત્તીસગઢની રાજધાનીમાં તેની ઝોનલ ઓફિસમાં હાજર થયા બાદ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ શેફાલીનું નિવેદન નોંધ્યું હતું. દિલ્હીમાં બગ્ગાના નિવાસસ્થાને ૩૦ મેના રોજ ઈડી દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો, જ્યાંથી ઈડીએ રૂ. ૩૦ લાખની રોકડ જપ્ત કરી હતી. આ રકમ ભારતમા ગેરકાયદે એવી બેટિંગ એપ્સના પ્રમોશન દ્વારા કમાવવામાં આવી હોવાનો આક્ષેપ છે. ઈડીએ આક્ષેપ કર્યો છે કે, બગ્ગા ખંજન (જગદીશ કુમાર) ઠક્કર નામના વ્યક્તિની સહયોગી હતી, જે કથિત રીતે દેશમાં બેટિંગ એપ્સ ચલાવે છે અને તેનો પ્રચાર કરે છે તેમજ હવાલા દ્વારા તેમની નાણાકીય કામગીરી પણ ચલાવે છે. બગ્ગા આ અંગે ટિપ્પણી કરવા માટે તાત્કાલિક ઉપલબ્ધ નહોતા. ઈડીને શંકા છે કે, બગ્ગા દુબઈ અને લંડનથી ઓપરેટ થતી કેટલીક બેટિંગ એપ્સનો ચહેરો હતી.

## પેજ 3

## 'રામાયણ'ના ટ્રેલર લોન્ચ પહેલાં રણબીર કપૂર કન્જંક્ટિવાઇટિસનો ભોગ બન્યો



મુંબઈ, તા. 16: રણબીર કપૂરની ફિલ્મ 'રામાયણ' વર્ષની બહુ પ્રતીક્ષિત ફિલ્મોમાંની એક છે. ચાહકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ટ્રેલર થોડા દિવસોમાં રિલીઝ થવાનું છે. દિલ્હીમાં એક ભવ્ય ટ્રેલર લોન્ચ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે, પરંતુ ઇવેન્ટ પહેલાં રણવીરની તબિયત બગડી ગઈ છે. અહેવાલ મુજબ, રણબીર કપૂરને કન્જંક્ટિવાઇટિસ (આંખ આવવી) થયો છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, રણબીરની પુત્રી રિયાની પણ આંખ આવી હતી. હવે ખુદ અભિનેતાને આંખ આવી છે. જોકે, એક અપડેટ પણ બહાર આવ્યું છે કે, તેની તબિયત ખરાબ હોવા છતાં રણબીર આ કાર્યક્રમમાં હાજરી આપશે.

## ઇમરાન ખાન, સોનાક્ષી સિંહા, ફાતિમા સનાએ વાંગચુકને ટેકો આપ્યો



મુંબઈ, તા. ૧૬: નીટ-યુજી પેપર લીક બાદ સોનમ વાંગચુકની અચોક્કસ મુદતની ભૂખ હડતાળ પર સરકાર પ્રતિક્રિયા આપે તેની આખો દેશ રાહ જોઈ રહ્યો છે. દરમિયાન ૧૬ જુલાઈના રોજ જ્યારે આ હડતાળ ૧૯મા દિવસમાં પ્રવેશી છે ત્યારે અનેક સેલિબ્રિટીઝે આ પ્રખ્યાત શિક્ષણવિદ્-કાર્યકર્તાને પોતાનો ટેકો જાહેર કર્યો છે. જાણીતા નામોમાં અભિનેતા ઇમરાન ખાન, ફાતિમા સના શેખ અને સોનાક્ષી સિંહા સામેલ છે, જેમણે જવાબદારીની માંગ કરી છે અને કહ્યું છે કે, વિદ્યાર્થીઓ વધુ પ્રમાણિકતા અને સચ્ચાઈના હકદાર છે. પોતાના ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર ઇમરાને લખ્યું, છેલ્લા કેટલાક અઠવાડિયાથી નીટ કૌભાંડ વિશે ચાલી રહેલી ચર્ચાઓ પર નજર રાખવી એ એક અલગ જ અનુભવ રહ્યો છે.

## ગોવિંદાએ મુંબઈમાં બનાવ્યો 16 કરોડનો મહેલ



મુંબઈ, તા. 1: બોલિવૂડના સુપરસ્ટાર ગોવિંદાની પત્ની સુનીતા આહુજા 'લોકઅપ સીઝન 2' માં જોવા મળી હતી. જોકે, હવે તેણે શોમાંથી એક્ઝિટ લઈ લીધી છે. શોમાં તેનો બેબાક અંદાજ જોવા મળ્યો હતો. પરંતુ આજે અમે તમને ગોવિંદા અને સુનીતા આહુજાના ઘરની સફર કરાવવા જઈ રહ્યા છીએ. સુનીતાએ જણાવ્યું કે, તેમનું ઘર ત્રણ ફ્લેટ્સને ભેગા કરીને બનાવવામાં આવ્યું છે. આ ઘરની કિંમત આશરે રૂ. 16 કરોડથી વધુ છે. સુનીતા કહે છે કે, આ ઘરમાં તે લગ્ન કરીને આવી હતી અને અહીં જ તેના બંને બાળકોનો જન્મ થયો હતો. સુનીતા આહુજાએ એ પણ જણાવ્યું કે તેમના બંને બાળકો ટીના અને યશવર્ધનને ઘરના ડેકોરેશનનો ખૂબ જ શોખ છે. તેથી ઘરને ડેકોરેટ તે બંને જ કરે છે. ગોવિંદા અને સુનીતાનું ઘર વાસ્તુશાસ્ત્ર મુજબ બનાવવામાં આવ્યું છે.

## અભિનેતા આદિનાથ કોઠારે અને ઉર્મિલા કાનેટકર અલગ થયાં



મુંબઈ, તા. ૧૬: અભિનેતા આદિનાથ કોઠારે અને ઉર્મિલા કાનેટકરે સત્તાવાર રીતે તેમના છૂટાછેડાની જાહેરાત કરી છે, જે તેમના ૧૫ વર્ષના લગ્નજીવનનો અંત લાવે છે. આ કપલે ગુરુવારે સોશિયલ મીડિયા પર એક સંયુક્ત નિવેદનમાં આ સમાચાર શેર કર્યા હતા અને જણાવ્યું હતું કે, અલગ થવાનો નિર્ણય પરસ્પર સંમતિથી લેવાયો હતો. તેઓએ એમ પણ કહ્યું કે, તેઓ તેમની પુત્રી જીઝાની જવાબદારી નિભાવવાનું સંયુક્ત રીતે ચાલુ રાખશે. પોતાના ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર આ જોડીએ તેમના જીવનના આ નવા પ્રકરણની સફર વિશે એક નોંધ શેર કરી છે, "અમારા મિત્રો, મીડિયા અને શુભેચ્છકો માટે ઘણું વિચાર્યા અને સમજ્યા પછી ઉર્મિલા કાનેટકર અને મેં, આદિનાથ એમ. કોઠારેએ, પરસ્પર સંમતિ અને સૌહાર્દપૂર્ણ રીતે ભાગીદારો તરીકે અલગ થવાનો નિર્ણય કર્યો છે.''



# તહેરાનમાં વિશાળ બિલબોર્ડ પર ટ્રમ્પને કોફીનમાં સૂતેલા બતાવાયા

**સાથે** જ ધમકીનો ખોફનાક સંદેશ ચિતરવામાં આવ્યો

તેહરાન, તા. ૧૬: વધતા જતા હુમલાઓ વચ્ચે, ઈરાને તેના મુખ્ય એન્ગેલાબ સ્ક્વેર પર એક વિશાળ બિલબોર્ડ લગાવ્યું છે, જેમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને એક ખુલ્લી કાળી શબપેટીમાં સૂતેલા દર્શાવવામાં આવ્યા છે. આ ભીંતચિત્રમાં ટ્રમ્પ આંખો બંધ કરીને અને વિખરાયેલા વાળ સાથે સૂતેલા દેખાય છે, જેના પર એક ચોંકાવનારો સંદેશ લખ્યો છે - 'અમે ટ્રમ્પને મારી નાખીશું'.

આ ઘટના એવા સમયે બની છે જ્યારે સરકારની નજીકના ઈરાની કટ્ટરપંથીઓએ ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈની હત્યાનો બદલો લેવાની માંગ કરી છે.

અમેરિકા પ્રત્યેનો આ દબાયેલો ગુસ્સો ખામેનેઈની સપ્તાહભર ચાલેલી અંતિમ સંસ્કાર વિધિઓ દરમિયાન જોવા મળ્યો હતો, જેઓ સંઘર્ષના પ્રથમ દિવસે માર્યા ગયા હતા. આ વિધિઓ દરમિયાન ઈરાનના શહેરોમાં 'ડેથ ટુ અમેરિકા'ના નારા અને 'કિલ ટ્રમ્પ' ના મોટા પોસ્ટરો જોવા મળ્યા હતા.

શબપેટીમાં સૂતેલા ટ્રમ્પના આ વિશાળ બિલબોર્ડને વધતી જતી નિવેદનબાજી તરીકે જોવામાં આવી રહ્યું છે. આ ઇન્સ્ટોલેશનની નીચે એક ચિતરામણ પણ દોરવામાં આવ્યું છે, જેના પર લખ્યું છે "મિનાબના બાળકોની યાદમાં". આમાં એક કન્યા શાળામાં પડેલા મિસાઇલને કારણે માર્યા ગયેલા બાળકોનો સંદર્ભ છે.

# તિરૂપતિ મંદિરને માત્ર ૨૪ કલાકમાં રૂ. ૯૬.૯૮ કરોડનું વિક્રમી દાન મળ્યું

**આજીવન** વીઆઈપી સુવિધાઓ ગુમાવવાના ડરે મંગળવારે રાત્રે ૧૨ વાગ્યા સુધી ભક્તોએ દાન આપવા ભારે ધસારો કર્યો

**નવી** દાન નીતિમાં દાતાઓને મળતા આજીવન લાભો નાબૂદ કરાયા છે

**બે ભક્તોએ રૂ. ૧ કરોડથી વધુ દાન આપ્યું**

એક અહેવાલ મુજબ, મંગળવારે ૨,૪૬૦ દાતાઓએ દાન આપ્યું હતું:
૧,૨૧૨ દાતાઓએ રૂ. ૧થી ૧૦ લાખ વચ્ચેનું દાન આપ્યું.
૧,૨૪૬ દાતાઓએ રૂ. ૧૦થી ૨૫ લાખ વચ્ચેનું દાન આપ્યું.
બે ભક્તોએ રૂ. ૧ કરોડથી વધુ રકમનું દાન કર્યું.

તિરૂમાલા, તા. ૧૬: મંગળવારે તિરૂમાલા સ્થિત તિરૂપતિ બાલાજી મંદિરમાં દાન આપવા માટે ભક્તોનો ભારે ધસારો જોવા મળ્યો હતો, જેમાં દેવસ્થાનમ બોર્ડને માત્ર ૨૪ કલાકમાં રૂ. ૯૬.૯૮ કરોડનું રેકોર્ડબ્રેક દાન મળ્યું હતું. જો કે, દાનમાં આવેલો આ ઉછાળો કોઈ સંયોગ નહોતો. આ દોડધામ એ સુનિશ્ચિત કરવા માટે હતી કે ૧૫ જુલાઈની મધ્યરાત્રિથી નવી દાતા નીતિ અમલમાં આવે તે પહેલાં જ દાનની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવે. સુધારેલી નીતિ માત્ર દાતાઓને મળતા વિશેષાધિકારો અને સુવિધાઓમાં જ મોટો ફેરફાર નથી કરતી, પરંતુ દાતાઓ અત્યાર સુધી જે આજીવન લાભો ભોગવતા હતા તેને પણ નાબૂદ કરે છે. જૂના દાતાઓ(એટલે કે જેમણે ૧૫ જુલાઈ પહેલાં દાન આપ્યું છે)ને આ આજીવન લાભો મળવાનું ચાલુ રહેશે. આ જ કારણ છે કે મંગળવારે રાત્રે ૧૨ વાગ્યા પહેલાં દાન આપવા માટે ભક્તોનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો હતો.

વિશ્વના સૌથી ધનિક મંદિરોમાંના એક એવા આ મંદિરમાં તાજેતરના વર્ષોમાં દાતાઓની સંખ્યામાં સતત વધારો જોવા મળ્યો છે. મંદિરની કુલ સંપત્તિ આશરે ૩.૩૮ લાખ કરોડ છે - આ રકમ વિશ્વના કેટલાક નાના દેશોના જીડીપી કરતાં પણ વધુ છે.

# 'મહાપ્રભુ જગન્નાથ' ફિલ્મ પર પ્રતિબંધનો વિવાદ હવે સુપ્રીમ કોર્ટમાં

નવી દિલ્હી, તા. ૧૬ (PTI) સુપ્રીમ કોર્ટ ઓરિસ્સા હાઈકોર્ટના એ આદેશને પડકારતી અરજી પર શુક્રવારે સુનાવણી કરવા સંમત થઈ છે, જેમાં એલી એનિમેશન્સ પ્રાઈવેટ લિમિટેડને તેની એનિમેટેડ ફિલ્મ 'મહાપ્રભુ જગન્નાથ' રિલીઝ કરવા પર રોક લગાવી દેવામાં આવી હતી. આ ફિલ્મ ૧૭ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી.

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (સીજેઆઈ) સૂર્યકાંત અને ન્યાયમૂર્તિઓ જોયમાલ્ય બાગચી અને વી. મોહનાની બનેલી બેન્ચે વરિષ્ઠ વકીલ દેવદત્ત કામત દ્વારા તાકીદની સુનાવણી માટે કરવામાં આવેલી રજૂઆતની નોંધ લીધી હતી.

વરિષ્ઠ વકીલે બેન્ચને આ બાબતને ગુરુવારે લિસ્ટ કરવા વિનંતી કરી હતી, પરંતુ કોર્ટે જણાવ્યું હતું કે તેઓ આ મામલાની સુનાવણી શુક્રવારે કરશે.

હાઈકોર્ટે કહ્યું હતું કે, ભગવાન જગન્નાથના ચિત્રણ સામે ઉઠાવવામાં આવેલા વાંધાઓને ફિલ્મ પ્રદર્શિત થાય તે પહેલાં વિગતવાર ન્યાયિક ચકાસણીની જરૂર છે.




શું તમે તમારી કોલેજ બદલવા માંગો છો?
યોગ્ય નિર્ણય લેતા પહેલાં યોગ્ય માર્ગદર્શન મેળવો.
એવી યુનિવર્સિટી પસંદ કરો જ્યાં મળે:
ઉત્તમ પ્લેસમેન્ટ સહાય
પેઈડ ઈન્ટર્નશિપની તક
ઈન્ડસ્ટ્રી-ઓરિયેન્ટેડ સ્કિલ સર્ટિફિકેશન
અનુભવી ફેકલ્ટી અને આધુનિક કેમ્પસ
ઉદ્યોગ સાથે જોડાયેલ પ્રેક્ટિકલ લર્નિંગ
તમારા ઉજ્જવળ ભવિષ્ય માટે આજે જ યોગ્ય માર્ગદર્શન મેળવો અને યોગ્ય યુનિવર્સિટી પસંદ કરો!
વધુ માહિતી માટે કોલ કરો.
+91 72039 66315